Extra No. 442

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, DECEMBER 18, 2025 / AGRAHAYANA 27, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું

અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૪૭૫૪ થી ૧૪૭૮૮/૨૦૨૫.- નર્મદા જિલ્લામાં નાગરિકો/સંસ્થાઓ જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા/તાલુકાની અન્ય કચેરીઓ ખાતે પોતાની વિવિધ માંગણી/રજુઆતો માટે સમૂહમાં આવતા હોય છે. આ પ્રકારની રજુઆતો દરમ્યાન સંબંધિત કાર્યરત કચેરીઓ ખાતે અધિકારીઓ/કર્મચારીઓ તેમજ કચેરી ખાતે કામ અર્થે આવેલ નાગરિકોના વિવિધ કાર્યો તેમજ તેઓની શાંતિ અને સલામતિ જળવાઈ રહે, સૌહાર્દપૂર્ણ માહોલ બની રહે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી નિયંત્રણો મુકવા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉઘાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) તથા આમુખના હુકમથી મળેલ સત્તાની રૂએ જિલ્લા સેવા સદન, નર્મદા તથા જિલ્લામાં આવેલ સરકારશ્રીના વિવિધ વિભાગની અન્ય તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) સંબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી વગર કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ, રેલી વિગેરે પ્રવૃત્તિ કરવા પર.

(૨) કોઈપણ પ્રકારના માઈક સિસ્ટમ/ડી.જે. નો ઉપયોગ ઉક્ત કચેરીઓ ખાતે કરવા પર.

(૩) ઉક્ત કચેરીઓ ખાતે રોજીંદી કામગીરીમાં અધિકારીઓ/કર્મચારીઓ/અરજદારો/કચેરીના મુલાકાતીઓ વગેરેને અસુવિધા ઉત્પન્ન કરવા પર.

(૪) ઉક્ત કચેરીઓ ખાતે શાંતિ સલામતિ અને સંવાદિતા જોખમાય તેવા સુત્રોચ્ચાર કરવા પર.

// અપવાદ //

આ હુકમમાંથી સરકારશ્રીના વિભાગો/કચેરીઓ દ્વારા આયોજિત કરવામાં આવનાર કાર્યક્રમો/રેલીને મુક્તિ આપવામાં આવે છે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામું આજરોજ તા.૧૮/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૫ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૧૭મી ડિસેમ્બર, ૨૦૨૫.

સી.કે.ઉંધાડ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.12 16:28:14 IST